# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૫/૨/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સીઇઓ)

---

# જમ્મુના પુલવામા ખાતે આત્મઘાતી હુમલામાં શહીદ થયેલા જવાનોને ચેમ્બરમાં ભાવભીની શ્રદ્ધાંજલિ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા જમ્મુના પુલવામા ખાતે આત્મઘાતી હુમલામાં શહીદ થયેલા જવાનો માટે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં વિવિધ એસોસિએશનો એકત્રિત થયા હતા અને બે મિનીટનું મૌન પાળીને શહીદ જવાનોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જણાવ્યુ હતુ કે આ મુશ્કેલ ઘડીમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતનો વેપાર અને ઉદ્યોગ શહીદ જવાનોના કુટુંબીજનો સાથે છે અને સાથે રહેશે. બધાએ એક જ અવાજે રાજય અને રાષ્ટ્રમાં મિસાલ કાયમ કરીએ તથા તમામ શહીદ જવાનોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પીત કરીએ. સાથે જ એક ઠરાવ પસાર કરીને માનનીય વડાપ્રધાનશ્રીને મોકલીએ. દેશની રક્ષા કરનારા જવાનો સાથે બનેલી આ ઘટનાને સખત શબ્દોમાં વખોડીએ છીએ. ભવિષ્યમાં આવી ઘટના નહીં બને તે માટે સેનાનો હાથ મજબુત કરવા માટે મોરલ સપોર્ટ આપવો જરૂરી છે. શહીદ જવાનોના પરિવારજનો માટે સહાનુભુતિ પાઠવીએ છીએ. સાથે જ તમામે નાનુ – મોટું યોગદાન શહીદોના પરિવારજનો માટે આપીએ.

શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ચેમ્બર, વિવિધ એસોસિએશન અને સભ્યો દ્વારા વ્યકિતગત રીતે નાનુ – મોટું યોગદાન આપવાની જાહેરાત કરવામાં આવી હતી.